# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-08-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## કચ્છના ભુજ અને સામખિયાળી સહિતના રાજ્યના 87 રેલવે મથકો અમૃત ભારત સ્ટેશન યોજના

કચ્છના ભુજ અને સામખીયાળી સહીત રાજ્યના 87 રેલવે મથકોને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વિકસાવવામાં આવી રહ્યા છે. આ મથકોના વિકાસ માટે નાણાકીય વર્ષ 2025-26 માટે એક હજાર 843 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે, જેમાંથી જૂન 2025 સુધીમાં 433 કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો છે.

દેશમાં અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ કુલ એક હજાર 337 રેલવે મથકો વિકસાવવામાં આવી રહ્યા છે. આ યોજના હેઠળ નાણાકીય વર્ષ 2025-26 માટે 12 હજાર 118 કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું, જેમાંથી જૂન 2025 સુધીમાં 2 હજાર 612 કરોડનો ખર્ચ કરાયો છે.

રાજ્યસભામાં સાંસદ નરહરી અમીનના પ્રશ્નનો જવાબ આપતા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે માહિતી આપતા જણાવ્યુ કે અત્યાર સુધીમાં, 18 રેલવે સ્ટેશનોના પહેલા તબક્કાના કામો પૂર્ણ કરાયા છે. જેમાં સામખીયાળીનો સમાવેશ થાય છે.

જયારે, ભુજ સહિતના સ્ટેશનોમાં હાલ કામ પ્રગતિ હેઠળ છે. ભુજ રેલવે સ્ટેશન ખાતે નવા મુખ્ય પ્રવેશદ્વાર અને બીજા સ્ટેશન બિલ્ડિંગનું માળખાકીય કાર્ય, એર કોન્કોર્સનું માળખાકીય કાર્ય પૂર્ણ થઈ ગયું છે. સ્ટેશન બિલ્ડિંગનું ફિનિશિંગ, ફૂટ ઓવર બ્રિજનું બાંધકામ, પ્લેટફોર્મ સુધી સુધારણાનું કામ હાલ ચાલી રહ્યું છે તેવી માહિતી રેલવે મંત્રી દ્વારા આપવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------

## આજથી નારી વંદના સપ્તાહની ઉજવણી

જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આજથી નારી વંદના સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી શરુ થઇ છે. મહિલાઓ સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સંપન્ન તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે સમગ્ર સપ્તાહ દરમિયાન મહિલા સશક્તિકરણના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જે આજે મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરાઈ હતી. જયારે, આવતીકાલે બેટી બચાવો બેટી પઢાવો દિવસ, ૪ ઓગસ્ટે મહિલા સ્વાવલંબન દિવસ, ૫ ઓગસ્ટે મહિલા નેતૃત્વ દિવસ, ૬ ઓગસ્ટે મહિલા કર્મયોગી દિવસ, ૭ ઓગસ્ટે મહિલા કલ્યાણ દિવસ તથા ૮ ઓગસ્ટે મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવશે તેમ મહિલા અને બાળ વિકાસ વિભાગ કચેરીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------------------

## ગાંધીજીની કચ્છ યાત્રાની શતાબ્દીની ઉજવણી : 'એમ.કે.ગાંધી હાજીર હો' નાટકનું મંચન

મહાત્મા ગાંધીજીની કચ્છયાત્રાની શતાબ્દીની ઉજવણી નિમિત્તે કચ્છયાત્રા શતાબ્દી સમિતિ દ્વારા વિવિધ આયોજનો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે જાણીતા કચ્છી કલાકાર દીપક અંતાણી લિખિત અને દિગ્દર્શિત નાટક એમ. કે. ગાંધી હાજીર હો...નું મંચન ભુજ તથા માંડવી ખાતે કરવામાં આવશે.

આ નાટક ભુજ ખાતે ટાઉનહોલમાં આવતીકાલે બીજી ઓગસ્ટના રાત્રે 8.30 વાગ્યે તથા માંડવીમાં ગોકુલ રંગભવનમાં ત્રીજી ઓગસ્ટના રાત્રે 8.30 વાગ્યે ભજવવામાં આવશે. નાટકમાં ગાંધીજીની મુખ્ય ભૂમિકામાં અભિનયની દુનિયામાં હરતા-ફરતા ગાંધીજી તરીકે જાણીતા કચ્છી કલાકાર દીપકભાઈ અંતાણી રહેશે. આ રસપ્રદ અને ગુજરાતના સમર્થ કલાકારોને માણવા જાહેર જનતાને ગાંધી કચ્છયાત્રા શતાબ્દી સમિતિ દ્વારા ઈજન અપાયું છે.

---------------------------------------------------------------------------------------------------

## સાયબર ક્રાઇમ પોલીસ : નાણા પરત જમા કરાવાયા

પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા જુલાઈ માસ દરમિયાન નાણાકિય છેતરપીંડીનો ભોગ બનેલા ફરિયાદીઓ પૈકી કુલ ૫૨ અરજદારોના ખાતામાંથી ગયેલા ૨૨ લાખ ૫૪ હજાર ૨૧૨ રૂપિયા તેમના બેંક ખાતામાં પરત જમા કરાવાયા છે.

ઠગાઈના જુદા જુદા બનાવોમાં ગયેલા નાણાને સાયબર ક્રાઈમ સેલ દ્વારા અલગ અલગ બેન્કમાં ફ્રીઝ કરવામાં આવ્યા હતા. બાદમાં કોર્ટની પરવાનગી મેળવી આ નાણા ખાતામાં પરત જમા કરાવાયા હતા. ઓનલાઈન ઠગાઈથી બચવા માટે તકેદારી રાખવા પોલીસે નાગરિકોને અપીલ કરી છે. સાથે આવા ઠગાઈના ભોગ બનેલાઓને હેલ્પલાઈન નં. ૧૯૩૦ પર સંપર્ક કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------------------

## ગાંધીધામ-કંડલા હાઇવે પર ડમ્પરમાં આગ

ગાંધીધામ-કંડલા હાઇવે પર એક ડમ્પરમાં અચાનક આગ લાગતાં વાહન ચાલકોમાં ગભરાટ ફેલાયો હતો. દીનદયાળ બંદરના મુખ્ય હાઇવે પર ચાલતા ડમ્પરમાં લાગેલી આગે થોડી જ વારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આગને કાબૂમાં લેવા માટે ડીપીએ અને ફાયર વિભાગના ફાયર ફાઇટરો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. દીનદયાળ બંદર કંડલાના આ મુખ્ય હાઇવે પર દિવસ-રાત ભારે વાહનોની અવરજવર રહેતી હોવાથી આગની ઘટનાને કારણે ટ્રાફિકને મોટી અસર થઈ હતી પોલીસ દ્વારા ટ્રાફિક નિયંત્રણની કામગીરી હાથ ધરી હાઇવે પરના વાહન વ્યવહારને સામાન્ય કર્યો હતો.

---------------------------------------------------------------------------------

## માર્ગ સલામતી ડ્રાઇવ

શાળા-કોલેજો ખાતે માર્ગ સલામતી જાળવવાના ભાગરૂપે જિલ્લા ટ્રાફિક, ભુજ સિટી ટ્રાફિક અને આરટીઓ દ્વારા સંયુક્ત ડ્રાઈવ યોજવામાં આવી હતી.

કચ્છ યુનિવર્સિટી, લાલન કોલેજ અને રિલાયન્સ સર્કલ ખાતે અલગ અલગ ટીમો દ્વારા શાળા-કોલેજોમાં ચાલતી સ્કૂલ બસ, છકડા, રિક્ષા વગેરેની તપાસ કરવામાં આવી હતી. જેમાં નિયમભંગના ૪૭ એનસી કેસ કરી ૧ લાખ ૩૫ હજારનો દંડ વસુલવામાં આવ્યો હતો.

---------------------------------------------------------------------------------------------

## રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું

રાજયમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદનું જોર ઘટ્યું છે અને આજે માત્ર 23 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. જ્યારે અત્યાર સુધી રાજ્યમાં મોસમનો સરેરાશ 62 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. ભારે વરસાદને પગલે રાજ્યના 51 જળાશય હાઇએલર્ટ પર છે. રાજ્યની જીવાદોરી સમાન નર્મદા બંધ 81 ટકા ભરાયો છે.

હવામાન વિભાગે આગામી સાત ઑગસ્ટ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. દરમિયાન માછીમારોને ચોથી ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા પણ હવામાન વિભાગે સૂચના આપી છે.

---------------------------------------------------------------------------------------------

## વિશ્વ ફેફસા કેન્સર દિવસ

આજે વિશ્વ ફેફસા કેન્સર દિવસ છે. ફેફસાના કેન્સર અંગે જાગૃતિ ફેલાવવા અને લોકોને માહિતીગાર કરવાનાં હેતુથી દર વર્ષે પહેલી ઓગસ્ટે આ દિવસ મનાવાય છે.

ગુજરાતમાં ફેફસાના કેન્સરની સારવારને સુલભ બનાવવામાં PMJAY-MA યોજના જીવનરેખા સાબિત થઈ છે. સમયસર તપાસ, તમાકુનો ત્યાગ અને પ્રારંભિક ચેતવણી સંકેતોની ઓળખ અનેક જિંદગીઓ બચાવી શકે છે.

---------------------------------------------------------------------------------------------